# મિલકત વેરા પર મનાઈની માંગ

## શહેરની સ્વૈચ્છિક સંસ્થાઓના આગેવાનોએ શહેરી વિકાસમંત્રીને રજૂઆત કરી

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરમાં ગેરકાનૂની અને ગેરવહીવટ મિલ્કતવેરા સહિતના વેરાઓની ન્યાયિક સમીક્ષા કરી વસુલી ઉપર મનાઈ હુકમ આપવા શહેરની સ્વૈચ્છિક સંસ્થાઓએ પ્રબળ માંગ કરી છે.

શહેરની સ્વૈચ્છિક સંસ્થાના પદાધિકારીઓએ આ અંગે શહેરી વિકાસમંત્રીને રજૂઆતમાં જણાવ્યા અનુસાર મહાનગરપાલિકાની ચૂંટણી પૂર્વે રાજકીય પક્ષોએ વાજબી સમય માટે પ્રોપર્ટી ટેક્ષ વેકેશન આપવાનું વચન આપ્યું હતું. પરંતુ ચુંટણી બાદ વિજેતા થયા પછી શાસક પક્ષે પાટનગરની પ્રજા સાથે વિશ્વાસઘાત કરીને મિલ્કતવેરા સહિતના કરવેરા નાંખીને આમ જનતાને દુઃખી કરી છે. સેવાભાવી આગેવાનોએ વધુમાં જણાવ્યા મુજબ નગરની જમીન અને તેના ઉપરની મિલ્કતનું કાનૂની નિયમન અને નિયંત્રણ સરકાર હસ્તક છે. આવા સંજોગોમાં મહાનગરપાલિકાને વેરો વસૂલવાનો કાનૂની અધિકાર પહોંચતો નથી. સફાઈ કામગીરીના નામે મીંડુ છે ત્યારે સફાઈચાર્જની વાત અસ્થાને છે. મિલ્કતની મોજણી પણ બિનઅનુભવી અને બિનઅભ્યાસુઓ દ્વારા કરવામાં આવી છે. જેના પરીણામે મોજણીની આડેધડ કામગીરીમાં પણ ઢગલાબંધ અનિયમિતતાઓ અને નોન એપ્લીકેશન ઓફ માઈન્ડના પ્રમાણો જોવા મળ્યા છે ત્યારે ફરીથી મિલ્કત મોજણીની પ્રક્રીયા હાથ ધરી થયેલા ચુકવણાઓ સંદર્ભે ડીપોઝીટ કરવાનો આદેશ કરવા પણ માંગ કરવામાં આવી છે જયારે મિલ્કતવેરા સંબંધમાં બાયબોઝ વિરૂધ્ધના અનિયમિત બાંધકામો અંગે કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી. આ સઘળા મુદ્દાઓને ધ્યાને લઈ વેરા વસુલાતને સ્થગતિ કરવા તેમજ થયેલી વસુલાતને એડઝટમેન્ટના હેતુસર ડિપોઝીટ તરીકે ગણવા પ્રબળ માંગ કરવામાં આવી છે. શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચ, જાગૃત નાગરિક પરિષદના લવજી વાડીયા, કેસરીસિંહ બિહોલા તેમજ જયોતિ મહિલા મંડળના પ્રમુખ લતાબેન ચોકસીએ વિવિધ ૧૨ મુદ્દાઓને ધ્યાને લઈ વસુલાતની ઉપર મનાઈ હુકમ આપવા માંગ કરી છે.

## જય અંબે પરિવાર સેકટર-૧૩માંથી અંબાજીની ૨૪મી પદયાત્રાનું પ્રસ્થાન

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરના સેકટર-૧૩માં શ્રી જય અંબે



પરિવાર દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ અંબાજીની ૨૪મી પદયાત્રાનો પ્રારંભ થઈ ગયો. ભાદરવા સુદ પાંચમને ગુરુવારે સવારે ૮ કલાકે શુભ મુહૂર્તમાં માતાજીની પવિત્ર ધજા અને રથમાં બિરાજમાન મા જગદંબાનું પૂજન કરી, સેકટર-૧૩-બીના શકિતચોકમાંથી ૩૦૦ પદયાત્રીઓએ 'જય જય અંબે'ના જય ઘોષ સાથે પદયાત્રાનો પ્રારંભ કર્યો હતો.

પદયાત્રાના પૂર્વે પરિવારના ભાઈઓ-બહેનો દ્વારા ગરબા અને નૃત્યને આવરી લેતો સુંદર કાર્યક્રમ દીપક વ્યાસના માર્ગદર્શન હેઠળ રજૂ કરવામાં આવ્યો હતો. સેકટર-૧૩માંથી નીકળેલી આ પદયાત્રા સંઘ ખ રોડ પર ખ-૭ સુધી જઈ, ક-૭ પર કાન્તિભાઈ પટેલના સેવા કેન્દ્ર પર પહોંચ્યો હતો. ત્યાંથી હોટલ ઘુંઘટમાં આઈસ્ક્રીમનો આનંદ માણી આ સંઘ બપોરે ૧૨.૩૦ કલાકે ધરતી ફાર્મ-રાંધેજા પહોંચ્યો હતો. જેમાં પટેલ પાર્લર-ગાંધીનગર તરફથી ભોજનપ્રસાદ લઈ ૨.૩૦ કલાકે અંબાજી જવા પ્રયાણ કર્યું હતું. અંબાજીમાં અગિયારસના દિવસે માતાજીના મંદિરે પવિત્ર ધજા અર્પણ કરી, ઉજાણીનો આનંદ માણી ૨૬મી સપ્ટેમ્બરે પદયાત્રીઓ ગાંધીનગર પરત ફરશે.

જય અંબે પરિવાર ગાંધીનગર દ્વારા અંબાજીની પદયાત્રાની સાથે સાથે પોષી પૂનમના રોજ માના પ્રાગટય દિને શતક ભોગ, અન્નકૂટ મહોત્સવ, જગદંબા ભકિત વંદના સમૂહ સ્વાધ્યાય, વર્ષ દરમિયાન એક કરોડ નવાર્ણ મંત્ર લેખન, નવચંડી યજ્ઞ, સુંદરકાંડ, બહુચરમાના આનંદના ગરબા જેવી ધાર્મિક અને રકતદાન શિબિર, વ્યસન મુકિત અભિયાન, સાંસ્કૃતિક કાર્યક્રમો, તેજસ્વી બાળકોને ઈનામ વિતરણ જેવી પ્રવૃતિઓ કરવામાં આવે છે એમ પ્રમુખ લલિત પટેલે જણાવ્યું છે.

## લાઈબ્રેરી સંકુલમાં લુખ્ખા તત્વો ઉપર પોલીસનો સપાટો

ગાંધીનગર, તા. ૨૦

જિલ્લા મધ્યસ્થ ગ્રંથાલય, સે. ૧૭ની આસપાસના લારીગલ્લાઓ પર ઘણા સમયથી અડીંગો જમાવીને બેસતા લુખ્ખા તત્વોની સંખ્યાબંધ ફરીયાદોને ધ્યાને લઈ આજે સે. ૨૧ પોલીસે લાયબ્રેરી સંકુલમાં સપાટો બોલાવી લુખ્ખાતત્વો સહિત તેનું એપી સેન્ટર લારીગલ્લાઓ પણ હટાવી દેવાયા હતા. ઉલ્લેખનીય છે કે આ તત્વોને પગલે દર બે-ચાર દિવસે વિદ્યાર્થી વાંચકો સાથે મારામારી કે ગાળાગાળીના કિસ્સાઓ બનતા રહે છે.

ગાંધીનગર સે. ૧૭ જિલ્લા મધ્યસ્થ ગ્રંથાલય નજીક ઘણા સમયથી લારી ગલ્લા વાળાઓ દ્વારા અડીંગો જમાવી બેસતા હતા અને તે જગ્યા ઉપર લારીગલ્લાને લીધે લુખ્ખા તત્વોની સંખ્યામાં પણ વધારો થયેલો હતો. તે જગ્યા પર ઘણા સમયથી રાત્રીના દરમિયાન મહેફિલો પણ જામતી હોય તેવી વાત પણ ઉઠવા પામી હતી. તેજ જગ્યા ઉપર મોઘા બાઈકો લી આવતા નવ યુવાનો ત્યાં અવનવા સ્ટંટ કરતા પણ નજરે ચઢતા હોય છે. આ સંદર્ભે સે. ૨૧ પોલીસે લાઈબ્રેરી સંકુલમાં સપાટો બોલાવી લુખ્ખા તત્વોને હટાવી સપાટો બોલાવી દેવામાં આવ્યા હતા. આ જગ્યા ઉપર રાઉન્ડ ધ ક્લોક પોલીસની પેટ્રોલીંગ થાય તેવી માંગ ઉઠવા પામી હતી.

## ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશને સંત રોહિદાસ અને વીર મેઘમાયાની મૂર્તિઓ મૂકવા બાબતે મંત્રી નીતિન પટેલનો આભાર વ્યક્ત કર્યો

ગાંધીનગર, તા. ૨૦

ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશન ગુજરાત, ગાંધીનગરના પ્રમુખ ભાનુકાન્ત પરમાર અને મહામંત્રી મૂળજીભાઈ દધિએ એક સંયુકત યાદીમાં જણાવ્યું છે કે, ગાંધીનગર મુક્તિધામ ખાતે સંત શિરોમણી રવિદાસ અને શહીદવીર શ્રી મેઘમાયાની મૂર્તિઓ મુકવા બાબતે સંસ્થા દ્વારા પ્રથમ ૧૭મી માર્ચ-૨૦૦૯ થી શરૂ કરીને સરગમ ક્લબ રાજકોટના સંચાલક ગુણવંતભાઈ ડેલાવાળા, મુખ્યમંત્રી, મંત્રીઓ, સરકારશ્રી, કલેક્ટર, ધારાસભ્યો, પક્ષના અને વિરોધ પક્ષના નેતાઓ, મહાનગરપાલિકા વગેરેને ૨૫ થી વધુ રજૂઆતો કરવામાં આવી હતી.

શહેરી વિકાસ વિભાગના મંત્રી નીતિનભાઈ પટેલની રૂબરૂ મુલાકાતો બાદ તેઓ દ્વારા અંગત રસ લઈને દલિત સમાજની લાગણી અને માગણી પરત્વે હકારાત્મક પ્રોત્સાહન સાથે આ મહાપુરુષોની મૂર્તિઓ તેઓએ રાજકોટ ખાતે તૈયાર કરાવી, અત્રે મુક્તિધામમાં સ્થાપનવિધિ થાય ત્યાં સુધી રાખવામાં આવી છે. જે બાબતે એસોસિએશનના પદાધિકારીઓ અને કારોબારી સભ્યોએ રૂબરૂમાં મળીને નીતિનભાઈનો લેખિતમાં આભાર માન્યો હતો. મૂર્તિઓનું સ્થાપન મુક્તિધામ ખાતે વહેલાસર થાય તે માટે ઉમળકાભર્યુ આશ્વાસન આપ્યુંછે. હવે મૂર્તિઓની સ્થાપના વિધિ પૂર્ણતાને આરે હોઈ સંસ્થાએ તેમનો અંતઃકરણપૂર્વક આભાર વ્યક્ત કર્યોછે.

## આજે સુંદરકાંડના પાઠનું ચાંદખેડા ખાતે આયોજન

ગાંધીનગર, તા. ૨૦

રામચરિત માનસના પંચમ સોપાન સુંદરકાંડ સંગીતમય પાઠનું દિલીપભારતી ગોસ્વામી અને બાલ કીર્તનકાર હિરલ ગોસ્વામીની વ્યાસપીઠે આજે તા. ૨૧મી સપ્ટેમ્બરે બપોરે ૪ કલાકે બંગલા નં. ઈ-૩૩, નંદવન બંગ્લોઝ, સત્યમેવ હોસ્પિટલ સામે, ચાંદખેડા ખાતે આયોજન કરવામાં આવ્યુંછે. આ ઉપરાંત ૨૨મી સપ્ટેમ્બરે ગણેશ મહોત્સવ નિમિત્તે રાત્રે ૮ કલાકે પટેલ વાડી, વેરાઈ માતાના મંદિર સામે, દહેગામ ખાતે આયોજન કરવામાં આવ્યું છે.

## આજે વણકર સમાજના યુવક-યુવતીઓનો જીવનસાથી પસંદગી મેળો યોજાશે

ગાંધીનગર, તા. ૨૦

સમગ્ર ગુજરાત રાજ્યનાં વણકર સમાજનાં લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓ માટે ગુજરાત વણકર સેવા સમાજ અમદાવાદ દ્વારા ૧૭મો જીવનસાથી પસંદગી મેળો ૨૧મી ઓક્ટોબરના રોજ ટાઉનહોલ, અમદાવાદ ખાતે યોજાશે.

વણકર સમાજના યુવક-યુવતીઓ માટેના જીવન સાથી પસંદગી મેળામાં ગાંધીનગરના લગ્નવાંચ્છુ યુવક યુવતીઓએ ગાંધીનગરના પ્રતિનિધિ દશરથલાલ પરમારે, પ્લોટ નં. ૫૪૦/૨, સેક્ટર-૭-બી, ગાંધીનગરનો સંપર્ક કરવો. નિયત નમૂનાનાં ફોર્મ મેળવી ૩૦મી સુધી ગાંધીનગરના પ્રતિનિધિને પહોંચાડી દેવા સંસ્થાના પ્રતિનિધિ ડી.એમ. પરમારે જણાવ્યું છે.

## ગાંધીનગર સેકટર-૨-સીમાં ગણેશજીની યોજાયેલી શોભાયાત્રા

ગાંધીનગર, તા.૨૦

યુવક મંડળ સંચાલિત સાર્વજનિક ગણેશ મહોત્સવ સમિતિ, સેકટર-૨-સી દ્વારા છેલ્લા દસ વર્ષથી આયોજન કરવામાં આવે છે. આજ રોજ ગણેશ ચતુર્થીના દિવસે ગણેશજીની ભવ્ય શોભાયાત્રા નીકાળવામાં આવી હતી. મુખ્ય મૂર્તિના સ્પોન્સર બાબુભાઈ પટેલ (અશ્વમેઘ) ના નિવાસસ્થાનેથી ગણેશજીની શોભાયાત્રા સેકટર-૨માં નીકાળવામાં આવી હતી. ઠેર ઠેર ગણેશજીની શોભાયાત્રાનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

વસાહતમાંથી જેમના સ્વજનનું મૃત્યુ થયું છે તેઓની આત્માની શાંતિ માટે બે મનિટનું મૌન પાળી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ મુખ્ય અતિથિ તરીકે ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના વિરોધ પક્ષના નેતા અને ગાંધીનગર નાગરિક કો.ઓપ. બેન્કના એમ.ડી. મનુભાઈ પટેલ, વોર્ડ નં. ૧૧ના કોર્પોરેટર આશિષભાઈ દવે અને શ્રીમતી રમિલાબેન પરમારે ખાસ ઉપસ્થિત રહી પૂજા અર્ચના કરી હતી. સમિતિના પ્રમુખ વિક્રમ દેસાઈ અને અન્ય હોદેદારોએ મહાનુભાવોનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. ગોપી મહિલા મંડળ, સેકટર-૨-સી દ્વારા ભજનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો જેનો વસાહતીઓએ તેમજ જાહેર જનતાએ લાભ લીધો હતો.

## શ્રી મહાકાળી મહાપ્રસાદ સેવા કેન્દ્રનો ૨૨મીથી પ્રારંભ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેરના હોટલ ઘુંઘટની પાસે આવેલા મહાકાળી માતાજીના મંદિરે શ્રી મહાકાળી મહાપ્રસાદ સેવા કેન્દ્રનો ૨૨મીથી પ્રારંભ થશે. જે ચાર દિવસ માટે ૨૪ કલાક પદયાત્રિકોની સેવા માટે મહાપ્રસાદ યોજાશે.

શ્રી મહાકાળી મહાપ્રસાદ સેવા કેન્દ્રના ઉદ્ઘાટક પ્રસંગે મહંત અશ્વિનભાઈ જાની તથા અતિથિ વિશેષ તરીકે અમૃતજી ઠાકોર ખાસ ઉપસ્થિત રહેશે. ૨૨મીએ સવારે ૮.૩૦ કલાકે પદયાત્રિકોની સેવા માટે મહાપ્રસાદ સેવા કેન્દ્રનું ઉદ્ઘાટન યોજાશે. ૨૩મી સપ્ટેમ્બરે જિજ્ઞેશ કવિરાજ અને ૨૪મીએ રતનસિંહ વાઘેલા દ્વારા ગરબાનો કાર્યક્રમ યોજાશે.

# ચિલોડા મોટામાં સ્વયંભૂ જડબેસલાક બંધ







ચિલોડા, તા. ૨૦

તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા ડીઝલની કિંમતમાં ભાવવધારો, સબસિડીવાળા એલ.પી.જી., રેશનીગ સીસ્ટમ તથા મલ્ટિબ્રાન્ડ રિટેલમાં એફ.ડી.આઈ.ને મંજુરી આપવાના નિર્ણય સામે વિરોધમાં ચિલોડા સર્કલ ધમધમતું બજાર જાહેરમાર્ગો પરના અસંખ્ય કોમ્પલેક્ષો, લારીગલ્લા, રેસ્ટોરન્ટ, દુકાનો, નાના-મોટા સમગ્ર વેપારીઓ દ્વારા ભારત બંધના એલાનને સંપૂર્ણ રીતે ટેકો આપવા બંધમાં જોડાયા હતા. જેમાં કોમ્પલેક્ષો તથા ચિલોડા હાઈવે રોડ પરથી અસંખ્ય દુકાનદારો, એપ્રોચ રોડ પરની દુકાનદારોએ સખત વિરોધ રૂપે બંધમાં જોડાઈ સારો પ્રતિસાદ આપ્યો હતો. જ્યારે શિહોલી મોટી, દહેગામ રોડ પરના કોમ્પલેક્ષો, શોપીંગો ધરાવતા વેપારીઓએ બંધ પાડી સારો ટેકો જાહેર કર્યો હતો. આમ ચિલોડા પંથકમાં સંપૂર્ણ બંધ પાડતાં સમગ્ર વિસ્તારમાં જનતા કરફ્યુ જેવી સ્થિતિ સર્જાઈ હતી. જ્યારે ચિલોડા મથકેથી અપડાઉન કરતાં નોકરીયાતો તથા અન્ય નાગરિકોને વાહનોની ઓછી અવરજવરને લીધે હાલાકીમાં મુકાયા હતા. આમ હાઈવે પર અસંખ્ય વાહનોથી ધમધમતો રોડ સાવ સુમસામ બનતાં બંધને સારો પ્રતિસાદ મળ્યો હતો. આમ ચિલોડા વિસ્તારના આજુબાજુના ભારતીય જનતા પક્ષના સક્રિય કાર્યકરો ભારત બંધના એલાને સમર્થન આપવા મોટી સંખ્યામાં આવી પહોંચ્યા હતા. જેમાં રમેશભાઈ પટેલ, લલિતભાઈ યાદવ, હિતેશભાઈ પટેલ, શૈલેષભાઈ પટેલ, લાલભાઈ ચૌધરી, નાથુભાઈ ચૌધરી, પ્રહલાદભાઈ પટેલ, સંજયભાઈ ઠાકોર વગેરે હોદ્દેદારો તથા કાર્યકરોની ટીમ આવી પહોંચતા બંધને સંપૂર્ણ ટેકો મળે તેવા હેતુથી દરેક નાગરિકોને સમજપૂર્વક શાંતિપૂર્ણ બંધમાં જોડાવા હાર્દિક અપીલ દ્વારા સમગ્ર વિસ્તારમાં ઘુમી વળતાં ભારે સફળતા સાંપડી હતી. પંથક સુમસામ બનતાં કોઈ અનિચ્છનીય બનાવ બન્યો નથી. જ્યારે આ કાર્યકરો સહિત ચિલોડા પોલીસ પણ બંદોબસ્ત સાથે સમગ્ર વિસ્તારમાં ચાંપતી નજર રાખી બંધના એલાનને શાંતિપૂર્વક પૂર્ણ થાય તેવી જહેમત ઉઠાવી હતી.

## આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૯
સૂર્યાસ્ત : ૬.૩૮

### તાપમાન

મહત્તમ : ૩૫.૦ ડિ.સે. લઘુત્તમ : ૨૫.૦ ડિ.સે.
મોસમ કુલ વરસાદ : ૭૦૬ એમ.એમ.

### ભેજનું પ્રમાણ

સવારે ૭૭ ટકા ● સાંજે ૬૧ ટકા

### મનોરંજન

**સિટી પલ્સ**

: સ્ક્રીન-૧ :
હિરોઈન : ૯.૩૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
બર્ફી: ૯.૪૫, ૧૨.૪૫, ૩.૪૫, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
હિરોઈન : ૧૦.૪૫, ૧.૪૫, ૪.૪૫, ૭.૪૫, ૧૦.૪૫
: સ્ક્રીન-૪ :
બર્ફી : ૧૧.૦૦, ૨.૦૦, ૫.૦૦, ૮.૦૦, ૧૦.૪૫
: સ્ક્રીન-૫ :
બર્ફી : ૧૧.૦૦, ૨.૦૦
હિરોઈન : ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

**સિને મેક્સ**

: સ્ક્રીન-૧ :
હિરોઈન: ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦
: સ્ક્રીન-૨ :
હિરોઈન : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
બર્ફી : ૯.૪૫, ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫
: સ્ક્રીન-૪ :
હિરોઈન : ૮.૧૫, ૮.૧૫
બર્ફી : ૧૧.૧૫, ૫.૧૫, ૮.૧૫
રાઝ-૩ ૨ડી : ૨.૧૫

**સૂર્યા, વાવોલ**

એક થા સૉલજર : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
સાજણ મને તમારા સમ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્ક્રીન-૧ :
હિરોઈન: ૧૦.૩૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
હિરોઈન : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૩ :
બર્ફી : ૧૦.૪૫, ૭.૧૫, ૧૦.૧૫
રાઝ -૩ : ૨.૦૦, ૪.૩૦

**ચિરાગ, કલોલ**

હિરોઈન : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

**આંબેડકર હોલ**

- લાયોનેસ કલબ ગાંધીનગર દ્વારા મેમરી વર્કશોપ સ. ૧૦કલાકે

**ટાઉન હોલ**

- કલ્ચરલ ફૉરમ ગાંધીનગર દ્વારા પ્રસ્તુત નાટક 'તુ લાજવાબ છે' રાત્રે ૯.૩૦ કલાકે

**ધાર્મિક**

- ગણેશ મહોત્સવ નિમિતે શ્રી ગણેશ મહોત્સવ સમિતિ તથા શ્રી સોમનાથ મહાદેવ મંદિર સમિતિ દ્વારા સોમનાથ મહાદેવ, રંગમંચ પાસે,સેકટર -૧૬ ખાતે રાત્રે ૯.૦૦ કલાકે, રીધમ ગૃપ દ્વારા મ્યુઝીકલ પાર્ટી.
- ગણેશ મહોત્સવ નિમિતે ભુવનેશ્વર મહાદેવ યુવક મંડળ દ્વારા સાર્વજનિક ગણેશ મહોત્સવ ભુવનેશ્વર મંદિર, સેકટર-૬/ડી, ખાતે રાત્રે ૯.૦૦ કલાકે, દીપમાળા આરતી.
- ગણેશ મહોત્સવ નિમિતે શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા સેકટર -૨૨ના રંગમંચ ખાતે જયોતિ મહિલા મંડળના ઉપક્રમે બહેનો માટે હળદીકંકુ તેમજ ભજન, આરતી, ફુલદાની વગેરે જેવી સ્પર્ધાનો કાર્યક્રમ બપોરે ૧.૩૦ કલાકે. તથા રાત્રે ૯.૦૦ કલાકે ગુજરાત સરકારના માહિતી વિભાગ દ્વારા જૂની રંગભૂમિના લોકપ્રિય ગીતોનો કાર્યક્રમ.
- ગણેશ મહોત્સવ નિમિતે ગણેશ યુવક મંડળ દ્વારા શોપીંગ સેન્ટરની સામેના મેદાન સેકટર-૧૪, ખાતે રાત્રે ૯.૦૦ કલાકે, ભજન સંધ્યા.

### આપની આજ

**મેષ** : આપ કોઈપણ પ્રકારના વ્યર્થ ભ્રમમાં ન રહેતા સ્વવિવેકથી કામ કરશો તો સફળતા સંભવ છે.

**વૃષભ** : મિત્રો અને કુટુંબના સભ્યો સહિત પોતાની આંતરિક પ્રસન્નતા અને આશાજનક વાતારણને કારણે પ્રયાસ સફળ થઈ શકશે.

**મિથુન** : આપના થકી વ્યવસાયિક ક્ષેત્રે નવી યોજના બની શકશે જેનો લાભ ભવિષ્યમાં થશે. લાભ અને સુખમાં વધારો થઈ શકશે.

**કર્ક** : તમારા કાર્યોની સમાજમાં અને વ્યવસાયક્ષેત્રે નોંધપાત્ર પ્રશંસા થશે. જમીન- મકાન ખરીદવાની આકાંક્ષા પૂર્ણ થવાની સંભાવના રહેશે.

**સિંહ** : આર્થિક લાભનાં સ્ત્રોતોથી સંબંધી ઉત્પન્ન થયેલી સમસ્યાઓ છતાં કાર્ય પૂર્ણ થવાની સંભાવના છે. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે.

**કન્યા** : પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થવાની સંભાવના છે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થવાના યોગ પ્રબળ બની રહ્યા છે.

**તુલા** : આપનામાં આંતરીક પ્રભાવ વધવાથી શત્રુને પરાસ્ત કરી શકશો. આપના અથાગ રીતે કરેલ મહેનતનું ફળ તરત જ મળી શકશે.

**વૃશ્ચિક** : અટકેલા કાર્ય સમય પર પૂરા કરવા આપ કટીબદ્ધ બનશો. વ્યકિતગત કાર્યોમાં ઉન્નતિ પ્રાપ્ત થશે. વાદ- વિવાદથી દૂર રહેવું.

**ધન** : અટવાયેલા નાણાં પરત મળી શકે છે. ધર્મના ક્ષેત્રમાં વિશેષ રુચિ જાગૃત થઈ શકશે. ધન પ્રાપ્તિનો વિશેષ યોગ.

**મકર** : સ્થાયી મિલકત, વાહન ખરીદીનો યોગ બને છે. જૂના કાર્યોમાં ઉભી થયેલી સમસ્યાઓનું નિરાકરણ થઈ શકશે.

**કુંભ** : કોઈ વરિષ્ઠ વ્યક્તિઓ અને નિતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થવાની સંભાવના રહેલી છે. શાસનથી વિશેષ લાભ પ્રાપ્ત થઈ શકે છે.

**મીન** : કલાક્ષેત્ર સાથે સંકળાયેલ વ્યક્તિઓને લાભ પ્રાપ્તિનો યોગ. નાણાંકીયક્ષેત્રમાં સમસ્યાઓ સંભવિત.

### ચિરવિદાય

- સ્વ.માધુસિંહ સુરસિંહ ડાભી (ઉ.વ.૭૨) સેકટર-૨૬, પ્લોટ નં.૨૩૭/૧, કિસાનગર, ગાંધીનગર.
- સ્વ. કાન્તીજી આતાજી ખાંટ (ઉ.વ.૫૫) મુ. બોરીજ, નવાપરા, તા.જી. ગાંધીનગર